**નોંધાયેલા સ્નાતકો (રજીસ્ટર્ડ ગ્રેજ્યુએટસ)ના વિભાગની મતદાર યાદીઓ સુધારવા અંગે**

**(ગુજરાત યુનીવર્સીટી વેબસાઈટ પરની જાxખ)**

ગુજરાત યુનિવર્સિટીની જુદી જુદી વિધાશાખાઓ હેઠળ નોંધાયેલા સ્નાતકોની મતદાર યાદીઓ પ્રત્યેક વર્ષે સુધારવામાં આવે છે. મજકૂર મતદાર યાદીઓમાં-

૧. જે સ્નાતકો પોતાના નામ આ યુનિવર્સિટીના નોંધાયેલા સ્નાતકો તરીકે દાખલ કરાવવા ઈચ્છતા હોય તેઓ તથા

૨. જે નોંધાયેલા સ્નાતકોની નોંધણીની મુદત તા.૩૧/૧૨/૨૦૧૬ના રોજ પૂરી થાય છે તે અને નોંધાયેલા સ્નાતકો તરીકે પોતાનું નામ ચાલુ રાખવા ઈચ્છતા હોય

તેઓ પાસેથી નિયત કરેલા અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. નિયત કરેલા અરજીપત્રક ઉપરોક્ત વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી, સંપુર્ણપણે ભરી, જરૂરી દસ્તાવેજો/બિડાણ જોડી, યુનિવર્સિટી કેશ કાઉન્ટર પર નિયત ફી ભરીને કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદને <u>તા.૦૫/૧૨/૨૦૧૬ ના બપોરના ૨.૦૦ કલાક સુધીમાં યુનિવર્સિટી કાર્યાલય ખાતે, રજાના દિવસો સિવાય, કામકાજના સમય દરમિયાન જમા કરવવાના રહશે. નિયત અરજીપત્રક તથા વધુ માહિતી ઉપરોક્ત વેબસાઈટ પરથી મળી શકશે. ઉમરના પુરાવા માટે અસલ શાળા છોડ્યાનું સર્ટીફીકેટ અથવા ટ્રાન્સફર સર્ટીફીકેટ તથા તેની સાથે અસલ ડીગ્રી સર્ટીફીકેટ પણ રૂબરૂ ચકાસણી અર્થે અરજીપત્ર જમા કરાવતી વખતે ફરજીયાતપણે બતાવવાનું રહેશે. વધુમાં મતદાર કોઈ પણ ફેકલ્ટીમાં એક થી વધુ વાર નામ નોંધાવશે તો તેઓના તમામ નામ તથા ફોર્મ જે તે ફેકલ્ટીની મતદાર યાદીમાંથી રદબાતલ કરવામાં આવશે અને તે પરત્વે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયની કોઈ જવાબદારી રહેશે નહિ, જેની નોંધ લેવા વિનંતી છે. ભરેલા અરજીપત્રકો ગુજરાત યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના રહેશે.</u>

- નિયત કરેલ અરજીપત્રક યુનિવર્સિટીની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી મેળવવાનું રહેશે.
- આ અંગેની જાહેરાત અને નિયમો પણ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે, તેનો સંપૂર્ણ અભ્યાસ કરી, ફોર્મ સંપૂર્ણ રીતે સુવાચ્ય અક્ષરોમાં ભરવાનું રહેશે.
- ભરેલા અરજીપત્રકો સાથે માંગેલ ઓરીજનલ દસ્તાવેજો/સર્ટીફીકેટસ તથા તેની પ્રમાણિત કરેલ ઝેરોકસ નકલ સાથે પ્રથમ ચકાસણી કરાવવા ની રહેશે.
- ત્યારબાદ ચકાસાયેલા અરજીપત્રકોની નિયત ફી ભરવાની રહેશે.
- ચકાસાયેલા તથા નિયત ફી ભરેલા અરજીપત્રકો ત્યારબાદ તુરત જ ત્યાંજ જમા કરાવવાના રહેશે.